



RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 033
Dt.: 11-10-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







મુત્તાકી સાથે જયશંકરની મુલાકાત બાદ મોટો નિર્ણય

# અફઘાનિસ્તાનમાં ફરી એમ્બેસી ખોલશે ભારત

## અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીએ જયશંકર સાથે થયેલી મુલાકાતમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર ભાર મૂક્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અફઘાનિસ્તાનના વિદેશમંત્રી આમિર ખાન મુત્તાકી ભારતના ઐતિહાસિક પ્રવાસે છે. શુક્રવારે વિદેશમંત્રી એસ જયશંકર અને મુત્તકી વચ્ચે ખુબ જ મહત્વની વાતચીત થઈ. વિદેશમંત્રી એસ જયશંકરે કહ્યું કે અફઘાનિસ્તાનની સંપ્રભુતા, ક્ષેત્રીય અખંડિતતા અને સ્વતંત્રતા માટે ભારત સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ તથા એમ પણ કહ્યું કે ભારત જલદી કાબુલમાં પોતાનું દૂતાવાસ ખોલશે.

અત્રે જણાવવાનું કે ચાર વર્ષ પહેલા અશરફ ગનીના અફઘાનિસ્તાનથી ભાગવા અને તાલિબાનના કબજા બાદ ભારતે પોતાનું દૂતાવાસ કાબુલમાં બંધ કરી દીધુ હતું. નોંધનીય છે કે હાલ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે પણ સબંધ તણાવપૂર્ણ છે. આવામાં ભારત અને અફઘાનિસ્તાનની નીકટતા પાકિસ્તાન માટે એક મોટો પડકાર બની ગયો છે.

ભારતે કાબુલમાં પોતાના ટેક્નિકલ મિશનને દૂતાવાસનો દરજ્જો આપવાની જાહેરાત કરી છે. આ બંને દેશો માટે ખુબ મોટું ને મહત્વપૂર્ણ રાજકીય પગલું છે. વિદેશમંત્રી એસ જયશંકરે અફઘાનિસ્તાનના પ્રતિનિધિમંડળનું દિલ્હીમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું. બેઠક દરમિયાન ભારતની સુરક્ષા પ્રત્યે અફઘાનિસ્તાનની સંવેદનશીલતાને બેરદાવી. તેમણે કહ્યું કે આ મુસાફરી બંને દેશોના સંબંધોને આગળ વધારવામાં એક પગલું છે. વ્યક્તિગત મુલાકાતનું વિશેષ મહત્વ છે કારણ કે તેનાથી દ્રષ્ટિકોણ બદલાય છે અને સંયુક્ત હિત સમજમાં આવે છે.

વિદેશ મંત્રી જયશંકરે પહેલગામ આતંકી હુમલા દરમિયાન અફઘાનિસ્તાનના સમર્થનનો પણ ઉલ્લેખ કર્યો અને આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આતંકવાદના તમામ રૂપો અને અભિવ્યક્તિઓ સામે લડવા માટે પ્રયત્નોનો સમન્વય કરવો જરૂરી છે. બંને દેશ આ મુદ્દે એક સાથે કામ કરશે. આ ક્ષેત્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. ભારતે અફઘાનિસ્તાનની સંપ્રભુતા, ક્ષેત્રીય અખંડિતતા અને સ્વતંત્રતા માટે પૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ભારતનું વલણ એ જ છે કે અફઘાન લોકોનું ભવિષ્ય તેમને જ નક્કી કરવા દેવું જોઈએ. અફઘાનિસ્તાનના વિદેશમંત્રી અમિર ખાન મુત્તાકીએ ભારત સાથે મિત્રતાની વાત કરી અને અનેક મહત્વપૂર્ણ વાતો શેર કરી. તેમણે કહ્યું કે અમેરિકાના કબજા દરમિયાન અનેક ઉતાર ચડાવ આવ્યા. પરંતુ અફઘાનિસ્તાને ક્યારેય ભારત વિરુદ્ધ નિવેદનો આપ્યા નથી. તેમણે હંમેશા ભારત સાથે સારા સંબંધોને મહત્વ આપ્યું. મુત્તાકીએ કહ્યું કે, અફઘાનિસ્તાન કોઈ પણ સૈન્યને પોતાની જમીનનો ઉપયોગ બીજા દેશો વિરુદ્ધ ઉપયોગ કરવાની મંજૂરી આપશે નહીં. આ ક્ષેત્ર માટે એક પડકાર છે અને અફઘાનિસ્તાન તેમાં સૌથી આગળ છે. મુત્તાકીએ છેલ્લા ચાર વર્ષમાં અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપથી મચેલી તબાહી બાદ ભારતની મદદ માટે આભાર જતાવ્યો. તેમણે કહ્યું કે આ દેખાડે છે કે મુશ્કેલ સમયમાં ભારત અફઘાનિસ્તાનની પડખે ઊભું રહે છે. અફઘાનિસ્તાન ભારતને એક નજીકનો મિત્ર ગણે છે. મુત્તકીએ કહ્યું કે બંને દેશો વચ્ચે બનેલી સમજણનો ઉપયોગ કરીને ક્ષમતાઓ અને તકોનો ફાયદો ઉઠાવવો જરૂરી છે. આ વ્યવહારિક બાબત છે જે બંને દેશો માટે ફાયદાકારક બને.



શાંતિ યોજના પર ભારતે આપ્યું સમર્થન

# PM મોદી સાથે વાત કરવા માટે નેતન્યાહૂએ કેબિનેટની બેઠક રોકી

(સંપૂર્ણ સમાચાર સેવા)જેરૂસાલેમ

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગે નિર્ણય લેવા માટે બોલાવેલી એક મહત્ત્વપૂર્ણ સુરક્ષા મંત્રીમંડળની બેઠકને અચાનક અટકાવી દીધી હતી. તેનું કારણ હતું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આવેલો ફોન. નેતન્યાહૂએ મંત્રીઓ અને અધિકારીઓને રાહ જોતા મૂકીને વડાપ્રધાન મોદી સાથે લગભગ દસ મિનિટ સુધી સીધી વાત કરી હતી. અહેવાલો અનુસાર, ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગે ચર્ચા દરમિયાન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને વડાપ્રધાન મોદીનો ફોન આવ્યો હતો. વડાપ્રધાન મોદીએ આ કરાર માટે અભિનંદન આપ્યા હતા અને સ્પષ્ટ કર્યું હતું કે ભારત આ માનવતાવાદી પ્રયાસને સમર્થન આપે છે. વાતચીત બાદ તરત જ વડાપ્રધાન મોદીએ X પર પોસ્ટ કરીને લખ્યું, મેં મારા મિત્ર વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને ફોન કર્યો અને ગાઝા શાંતિ યોજનામાં થયેલી પ્રગતિ બદલ અભિનંદન આપ્યા. અમે બંધકોની મુક્તિ અને ગાઝાના લોકોને આપવામાં આવતી માનવતાવાદી સહાયનું સ્વાગત કર્યું. તેમણે ફરી એકવાર પુનરાવર્તન કર્યું કે, "કોઈપણ સ્વરૂપમાં અને ગમે ત્યાં આતંકવાદ અસ્વીકાર્ય છે. આ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ કેબિનેટની બેઠકમાં મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ગાઝામાં હમાસ દ્વારા રાખવામાં આવેલા બંધકોને સોમવાર અથવા મંગળવારે મુક્ત કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે બંધકોની મુક્તિ અને ગાઝાના પુનર્નિર્માણના પ્રથમ તબક્કા માટે બુધવારે એક કરાર થયો છે. ૭૨ કલાકના યુદ્ધવિરામ પછી હમાસ બાકીના ૨૦ બંધકોને એક જ સમયે મુક્ત કરશે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે મહિનાઓથી ચાલી રહેલા સંઘર્ષમાં આ યુદ્ધવિરામ કરારને અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જેમાં તમામ બંધકોને મુક્ત કરવા અને માનવતાવાદી સહાય વધારવાની જોગવાઈ છે. જોકે, આ કરાર અંગે ઈઝરાયલમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળી રહ્યો છે. કેટલાક નેતાઓ તેને આતંકવાદ સમક્ષ શરણાગતિ માને છે, જ્યારે અન્ય લોકો તેને હાલના સંજોગોમાં જરૂરી રાહત ગણાવી રહ્યા છે.

આતંકી સંગઠન હમાસ તમામ બંધકોને મુક્ત કરશે

# ઈઝરાયેલ-હમાસ વચ્ચે શાંતિકરાર બે વર્ષના યુદ્ધનો આખરે અંત

(સંપૂર્ણ સમાચાર સેવા) કૈરો

ગાઝામાં બે વર્ષના યુદ્ધ પછી ઈઝરાયલ અને પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસે ગુરુવારે શાંતિસમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતાં.

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના પ્રથમ તબક્કા હેઠળ થયેલી આ સમજૂતી હેઠળ હવે યુદ્ધવિરામ થશે. હમાસ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં ઈઝરાયેલના બાકીના તમામ બંધકોને મુક્ત કરશે. સમજૂતીની જાહેરાત સાથે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન બંને દેશોના લોકોએ ઉજવણી કરી હતી. આ સમજૂતી બે વર્ષના યુદ્ધને કાયમી ધોરણે સમાપ્ત કરવાનું અત્યાર સુધીનું સૌથી મોટું પગલું માનવામાં આવે છે. બંને પક્ષોના અધિકારીઓએ પુષ્ટિ આપી હતી કે તેમણે ઈજિપ્તના શર્મ અલ-શેખના બીચ રિસોર્ટમાં પરોક્ષ વાટાઘાટો બાદ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ લડાઈ બંધ થશે. ઈઝરાયલ ગાઝામાંથી આંશિક રીતે તેના સૈનિકોને પાછા ખેંચી લેશે અને સેંકડો પેલેસ્ટિનિયનને તેની જેલમાંથી મુક્ત કરશે. હમાસ પણ ઈઝરાયેલના બાકીના તમામ બંધકોને મુક્ત કરશે. ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું હતું કે તેમની સરકાર દ્વારા કરારને બહાલી આપવામાં આવ્યા પછી યુદ્ધવિરામ અમલમાં આવશે. ગુરુવારે સિક્યોરિટી કેબિનેટની બેઠક પછી સરકાર આ યુદ્ધવિરામ સમજૂતીને મંજૂરી આપશે. જોકે ટ્રમ્પે રજૂ કરેલી ૨૦ મુદ્દાની શાંતિ યોજનાના ઘણા પાસાંઓ અંગે હજુ અનિશ્ચિતતા ઊભી છે. હમાસનુ નિઃશસ્ત્રીકરણની કેવી રીતે કરાશે, હમાસનું ભાવિ શું હશે તથા ગાઝા પર કોણ શાસન કરશે તે અંગે અનિશ્ચિતતા છે. આ મુદ્દાઓ અંગે બંને દેશો વચ્ચે વાટાઘાટો બાકી છે. હમાસ અગાઉ તેના નિઃશસ્ત્રીકરણની ઈઝરાયેલની માગણીને નકારી ચુક્યું છે. બંને વચ્ચેન સમજૂતી મુજબ ઈઝરાયેલી દળો ખોરાક અને તબીબી સહાય લઈ જતા વધુ ટ્રકોના કાફલાને ગાઝામાં પ્રવેશવાની મંજૂરી આપશે. ઈઝરાયેલી હુમલાઓના ગાઝાના મોટાભાગના શહેરો ખંડેર બની ગયા છે અને લાખો લોકો તંબુઓમાં આશ્રય લઈ રહી છે. આવા લોકોને હવે માનવીય સહાય મળશે. ઈઝરાયેલી સૈનિકો પાછા હટવાની તૈયારી કરી રહ્યા હોવાના સંકેતો અગાઉથી મળ્યાં હતાં. મધ્ય ગાઝા પટ્ટીમાં નુસેરાત કેમ્પ નજીક એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે તેને ઈઝરાયેલી સેનાને એક ત્યજી દેવાયેલા સૈન્ય સ્થાનને ઉડાવી દેતા અને વિસ્તારની દેખરેખ માટે ઉપયોગમાં લેવાતી ક્રેનને નીચે ઉતારતા જોયા હતા.ગાઝામાં યુદ્ધવિરામની સત્તાવાર શરૂઆત પહેલાં ગુરુવારે ઈઝરાયેલી હુમલાઓ અને ફાયરિંગ ચાલુ રહ્યા હતાં. જોકે યુદ્ધવિરામની ધારણાએ આ હુમલા અગાઉની સરખામણીમાં ઘણા ઓછા હતાં. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ગુરુવારે દિવસ દરમિયાન ઈઝરાયેલી ગોળીબારમાં ઓછામાં ઓછા ત્રણ પેલેસ્ટિનિયનોના મોત થયા હતાં આ ઉપરાંત અગાઉના ૨૪ કલાકમાં નવ લોકોના મોત થયા હતાં. ઈઝરાયેલી સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સરકારી બેઠકના ૨૪ કલાકની અંદર યુદ્ધવિરામ અમલમાં આવશે. તે ૨૪ કલાકના સમયગાળા પછી ગાઝામાં રાખવામાં આવેલા બંધકોને ૭૨ કલાકમાં મુક્ત કરવામાં આવશે. ગાઝામાં હજુ પણ ૨૦ ઈઝરાયેલી બંધકો જીવતા હોવાનું અને ૨૬ના મોત થયા હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત બે બંધકોના ભાવિ અંગે અનિશ્ચિતતા છે. હમાસે સંકેત આપ્યો હતો કે મૃતદેહ સોંપવામાં વધુ વિલંબ થઈ શકે છે.




# તંત્રી લેખ......

## પગપાળા નાગરિકોની ચિંતા

દેશમાં નકલી દવાથી લઈને ન્યાયમૂર્તિ ઉપર જૂતું ફેંકાયાની ઘટનાઓનો દોર ચાલી રહ્યો છે તેની વચ્ચે સર્વોચ્ચ અદાલતે પરિવહન જેવી તદ્દન સામાન્ય અને મોટા જનગણ સાથે સંકળાયેલી બાબતે સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ કર્યો છે તે આવકાર્ય છે. પ્રથમ દષ્ટિએ નાની લાગતી આ બાબત સાથે સંખ્યાબંધ માનવજિંદગીની સલામતી જોડાયેલી છે. પગપાળા લોકોની સુરક્ષાને પણ મહત્ત્વ આપવા કોર્ટે કહ્યું છે. શહેરોની સડકથી શરૂ કરીને ધોરીમાર્ગો ઉપર થતા ગંભીર અકસ્માતોની સંખ્યા અને તેની તીવ્રતા જોતાં આ અત્યંત આવશ્યક પગલું હતું. મહાનગરોમાં ટ્રાફિક સમસ્યા ઘટાડવા પ્રશાસન પરિવહનની અનેક સુવિધા કરે છે. મુંબઈ કે અમદાવાદમાં બેસ્ટ કે એએમટીએસની સામાન્ય બસ, બીઆરટીએસ, મેટ્રો સહિતની સુવિધા છે. શહેરના વિવિધ વિસ્તારને જોડતા વિરાટ રિંગરોડ, તોતિંગ ઓવરબ્રિજ છે, તેમ છતાં ટ્રાફિક સમસ્યાનો રાક્ષસ વિકરાળ થઈ રહ્યો છે. હાઈ-વે ઉપર પણ મોટા સેતુઓનું નિર્માણ, છ-છ લેનના રસ્તા બનાવ્યા પછી પણ કલાકો સુધી વાહનોની કિલોમીટર લાંબી કતારો, અકસ્માતો દરરોજ માધ્યમો માટે મસાલો બને છે. વાહનો માટે તો હેલમેટ કે સીટબેલ્ટ જેવા નિયમો છે, પરંતુ પગપાળા જતા લોકો, મોટર સંચાલિત વાહન ન હોય તેની સુરક્ષા હજી પણ નિશ્ચિત નથી. અસુરક્ષિત પરિવહનને લીધે જે જીવ ગુમાવે છે તેમાં મોટી સંખ્યા આ પેડેસ્ટ્રીઅન એટલે કે પગપાળા જતા યાત્રીઓ ક્યારેક તો સાધુઓની હોય છે. સાઈકલ, ગાડાં જેવાં પરંપરાગત વાહનો પણ અકસ્માતનો ભોગ બને છે. રસ્તા ઉપર ચાલતા લોકોની સુરક્ષા પણ અગત્યની છે. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની ખંડપીઠે આ મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. રસ્તા ઉપર ચાલીને જતા લોકોની સલામતી પણ એટલી જ અગત્યની છે જેટલી વાહનચાલકોની. રસ્તાનું નિર્માણ થાય ત્યારે આ પગપાળા લોકોની, સાઈકલ કે હાથગાડી જેવાં વાહનોની સુરક્ષાનું પણ ધ્યાન રાખવામાં આવે તેવી ટકોર કરી છે. મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮ અંતર્ગત આ અંગે જરૂરી નિયમો બનાવવાની સૂચના આપવામાં આવી છે. આપણે ત્યાં ટ્રાફિક સપ્તાહ કે પખવાડિયાંની ઉજવણી સરકારી રાહે થાય છે. ચોપાનિયાં વેચવામાં આવે છે તે સિવાય ટ્રાફિક પોલીસ જનજાગૃતિ માટે કશું ખાસ કરતી હોતી નથી. શહેરમાં પણ વાહનો પગે ચાલીને જતા લોકોને અડફેટે લેતા હોવાની ઘટનાની નવાઈ નથી. પોલીસ ફક્ત દંડ વસૂલે તેનાથી સમસ્યા હલ ન થાય. ટ્રાફિક સમસ્યા સરકારની આવકનું માધ્યમ નથી તે વાત પોલીસ પ્રશાસને સમજવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે આ અગત્યનો મુદ્દો ધ્યાને લીધો છે.

### વિકાસ સપ્તાહઃ ગુજરાતનાં વિકાસમાં MSME એકમોનો સિંહફાળો

# ગુજરાતને દેશનું આર્થિક ગ્રોથ એન્જિન બનાવવામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો-MSMEની ભૂમિકા પાયારૂપ

શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના પરિવર્તનકારી કાર્યકાળથી લઈને વડાપ્રધાન તરીકેના દૂરંદેશી નેતૃત્વ સુધી, ગુજરાત અભૂતપૂર્વ વિકાસનું સાક્ષી બન્યું છે. છેલ્લા ૨૪ વર્ષમાં ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં હરણફાળ ભરીને આજે એક અગ્રેસર રાજ્ય તરીકેની ઓળખ બનાવી છે. ગુજરાતે વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જેમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો-સ્જીસ્ઈ ક્ષેત્રે થયેલી કામગીરી નોંધનીય છે.

આજે MSME એકમોને ગુજરાતના વિકાસનું એન્જિન માનવામાં આવે છે. રાજ્યમાં હાલ ૨૭ લાખથી વધુ MSME એકમો કાર્યરત છે, જે રાજ્યની ઔદ્યોગિક પ્રગતિમાં મોટો હિસ્સો ધરાવે છે. આ એકમો દ્વારા લાખો યુવાનોને રોજગારી પૂરી પાડી રોજગારીનું સર્જન કરવામાં આવી રહ્યું છે. MSME વિકાસમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાંનું એક છે. રાજ્ય સરકારની ઉદાર ઉદ્યોગ નીતિના અસરકારક અમલીકરણના પરિણામે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર રાજ્ય તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત સરકાર MSME એકમો માટે વિવિધ સહાય યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૮૦ હજારથી વધુ ક્લેઈમ અરજીઓ થકી રૂ. ૪,૧૦૦ કરોડ કરતાં વધુની સહાય આપી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં સિંહફાળો આપી રહી છે. આ ઉપરાંત રાજ્યમાં 'ઉદ્યમ રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ'ની પ્રક્રિયા અંતર્ગત ૨૭ લાખથી વધુ ઉદ્યમ સાહસિકોની નોંધણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના નેતૃત્વમાં રાજ્ય સરકાર MSME માટે અનેક માળખાકીય સુવિધાઓ પૂરી પાડી રહી છે. જે અંતર્ગત રાજ્યમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ-GIDC દ્વારા ૨૦૦થી વધુ ઔદ્યોગિક વસાહતો કાર્યરત છે, જ્યાં MSME એકમોને પ્લોટ, માળખાગત સુવિધાઓ અને સબસિડી પૂરી પાડવામાં આવે છે. MSME એકમોને પ્રોત્સાહન આપવા અને રોકાણને શહેરોની બહાર લઈ જવા માટે "વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનો"નું પણ આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાતે MSME ક્ષેત્રમાં નવીનતા લાવવા માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પણ ખૂબ મોટો વેગ આપ્યો છે. રાજ્ય સરકારે કેટલીક MSME ફ્રેન્ડલી નીતિઓ પણ બનાવી છે, જેમ કે 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ફોર આસિસ્ટન્સ ટુ MSME ' જેવી ખાસ ઔદ્યોગિક નીતિ, વિવિધ મંજૂરીઓ ઝડપથી મળી રહે તે માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સ, સબ-કમિટીઓ અને કોક્લેવનું આયોજન, સપ્લાય ચેઈન લિંકેજ, ગુણવત્તા સુધારણા અંતર્ગત 'ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ' ZED પ્રમાણપત્ર, ઔદ્યોગિક નીતિઓ અને આત્મનિર્ભર યોજના હેઠળ વ્યાજ સહાય, કેપિટલ સહાય અને CGTMSE (કોલેટરલ-ફ્રી લોન) સહાય જેવી નાણાકીય મદદ પૂરી પાડવામાં આવે છે. ગુણવત્તા સુધારણા યોજના અંતર્ગત ZED સર્ટિફીકેટ આપવામાં ગુજરાત પ્રથમ સ્થાને છે તથા અત્યારસુધીમાં કુલ ૭૩,૪૬૫ ZED પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. CGTMSE યોજના અંતર્ગત એક લાખથી વધારે લોન અરજીઓને કુલ રૂ. ૧૯ હજાર કરોડથી વધારેની કોલેટરલ ફ્રી લોન આપવામાં આવી છે.

વધુમાં, અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભરૂચ, જામનગર, ભાવનગર અને વલસાડ જેવા શહેરો બહુ-ઉત્પાદન MSME ક્લસ્ટર તરીકે વિકાસ પામ્યા છે, જ્યાં નાના એકમો એકસાથે કામ કરીને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા સક્ષમ બને છે. આ ઉપરાંત રાજ્યમાં વિલંબિત ચુકવણી માટેના કેસોના ઝડપથી નિકાલ કરવા માટે 6 Regional MSEFC કાઉન્સિલની સ્થાપના પણ કરવામાં આવી છે. ગુજરાત ઓટોમોબાઈલ, કેમિકલ, ફાર્માસ્યુટિકલ અને ટેક્સટાઈલ જેવા ક્ષેત્રોમાં મેન્યુફેક્ચરિંગ હબ બન્યું છે. આ ઉપરાંત રાજ્યે નવા ઉભરતા ક્ષેત્રો જેવા કે, સેમિકન્ડક્ટર નીતિ, ગ્રીન હાઈડ્રોજન, રિન્યુએબલ એનર્જી, ઈલેક્ટ્રિક વાહનો (EV) અને ફિનટેક જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં મોટા પાયે રોકાણ આકર્ષિત કર્યું છે. વધુમાં, ગાંધીનગરમાં ગિફ્ટ સિટીને વૈશ્વિક નાણાકીય અને ટેકનોલોજી હબ તરીકે વિકસાવવાની સિદ્ધિ પણ મળી છે. આ ઉપરાંત ગુજરાતને "નીતિ-આધારિત" (Policy-Driven) રાજ્ય તરીકે સ્થાન સ્થાપિત કર્યું છે, જ્યાં રોકાણકારો માટે વ્યાપારિક સરળતામાં (Ease of Doing Business) વધારો થયો છે. ગુજરાતને દેશની આર્થિક મહાસત્તા બનાવવાના માટે રોકાણકારોને આકર્ષવાના ઉદ્દેશ્ય સાથે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"ની પરિકલ્પના કરી હતી. કોર્પોરેટ લીડર્સ, વિવિધ ક્ષેત્રોના રોકાણકારો, થોટ લીડર્સ, પોલિસી અને ઓપિનિયન મેકર્સને એક મંચ પર લાવવા માટે ગુજરાતમાં પ્રથમવાર વર્ષ ૨૦૦૩માં "વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ"નું આયોજન કરવામાં આવ્યું હતું. 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-VGGS એ વર્ષ ૨૦૦૩માં શરૂ થયા પછી ગુજરાતના આર્થિક વિકાસનું મુખ્ય માધ્યમ બની છે. છેલ્લા બે દાયકામાં એટલે કે વર્ષ ૨૦૦૩થી ૨૦૨૫ સુધી, આ સમિટે રોકાણ, રોજગારી અને ઔદ્યોગિક સિદ્ધિઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. - જીગર બારોટ

## પઠાણકોટ-જમ્મુ તવી સેક્શનમાં લેન્ડ સ્લાઈડિંગના અવરોધને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે

પઠાણકોટ-જમ્મુ તવી સેક્શનમાં લેન્ડ સ્લાઈડિંગના અવરોધને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. ઉત્તર રેલ્વેના કઠુઆ–માધોપુર(પંજાબ)માં ડાઉન લાઈન પર બ્રિજ સંખ્યા ૧૭ પર મિસઅલાઈનમેન્ટ થવાને તેમજ પઠાણકોટ–જમ્મુ તવી સેક્શન પર ભૂસ્ખલન થવાને કારણે અવરોધ સર્જાયો છે, જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગત નીચે મુજબ છે:

સંપૂર્ણપણે રદ થયેલી ટ્રેનો

૧. ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૦૨૭, બાંદ્રા ટર્મિનસ–જમ્મુ તવી એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૦૨૮, જમ્મુ તવી–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૧૨ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૪૧૫, સાબરમતી–શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ ની ગાડી સંખ્યા ૧૯૪૧૬, શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા–સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે.

૫. ગાડી સંખ્યા ૧૯૧૦૭, ભાવનગર ટર્મિનસ–એમસીટીએમ ઉધમપુર એક્સપ્રેસ આગામી સૂચના સુધી રદ રહેશે.

૬. ગાડી સંખ્યા ૧૯૧૦૮, એમસીટીએમ ઉધમપુર–ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ આગામી સૂચના સુધી રદ રહેશે.

આંશિક રીતે રદ થયેલી ટ્રેનો

૧. ગાડી સંખ્યા ૧૯૦૨૭ બાંદ્રા ટર્મિનસ–જમ્મુ તવી એક્સપ્રેસ ૧૮ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી લુધિયાણા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તથા આ ટ્રેન લુધિયાણા–જમ્મુ તવી વચ્ચે આંશિક રદ રહેશે.

૨. ગાડી સંખ્યા ૧૯૦૨૮ જમ્મુતવી–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ ૨૦ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી જમ્મુતવીના બદલે લુધિયાનથી શોર્ટ ઓરિજીનેટ થશે, તથા આ ટ્રેન જમ્મુ તવી–લુધિયાણા વચ્ચે આંશિક રદ રહેશે.

૩. ગાડી સંખ્યા ૧૯૪૧૫ સાબરમતી–શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી અમૃતસર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન અમૃતસર–શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા વચ્ચે આંશિક રદ રહેશે.

૪. ગાડી સંખ્યા ૧૯૪૧૬ શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા–સાબરમતી એક્સપ્રેસ ૨૧ ઓક્ટોબર ૨૦૨૫ થી આગામી સૂચના સુધી શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા ના બદલે અમૃતસરથી શોર્ટ ઓરિજીનેટ થશે તથા આ ટ્રેન શ્રીમાતા વૈષ્ણોદેવી કટરા–અમૃતસર વચ્ચે આંશિક રદ રહેશે.

૫. ગાડી સંખ્યા ૧૯૨૨૩ સાબરમતી–જમ્મુતવી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ફિરોઝપુર કેન્ટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા આ ટ્રેન ફિરોઝપુર કેન્ટ–જમ્મુતવી વચ્ચે આંશિક રદ રહેશે.

૬. ગાડી સંખ્યા ૧૯૨૨૪ જમ્મુતવી–સાબરમતી એક્સપ્રેસ ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ સુધી જમમૂતવી ના બદલે ફિરોઝપુર કેન્ટથી શોર્ટ ઓરિજીનેટ થશે, તથા આ ટ્રેન જમ્મુતવી–ફિરોઝપુર વચ્ચે આંશિક રદ રહેશે.

ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય-સારણી સંબંધિત વિસ્તૃત જાણકારી માટે યાત્રી કૃપયા કરીને ભારતીય રેલ્વેની સત્તાવાર વેબસાઈટ www.benquiry.indianrail. gov.in પર જઈને અવલોકન કરે.

## દેવભૂમિ દ્વારકામાં મહાકાલ ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા પોલીસે ઓખા મંડળ અને મીઠાપુર વિસ્તારમાં સક્રિય થયેલી મહાકાલ ગેંગ વિરુદ્ધ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (ગુજસીટોક) હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. ગેંગના મુખ્ય સૂત્રધારો સહિત કુલ સાત આરોપીઓની ધરપકડ કરીને તેમને ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ પર લેવામાં આવ્યા છે.આ ગેંગ પર અપહરણ, ખંડણી વસૂલવી, ઊંચા વ્યાજે આપેલા નાણાંની ઉઘરાણી માટે ધમકીઓ આપવી અને પ્રોહિબિશન જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ચલાવીને મીઠાપુર વિસ્તારમાં ભયનો માહોલ ઊભો કરવાનો આરોપ છે. તાજેતરમાં, ગેંગના સભ્યોએ એક અનુસૂચિત જાતિની મહિલા અને તેના પરિવારજનોને જાતિવાચક શબ્દો કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની બે અલગ-અલગ ગંભીર ઘટનાઓ પણ નોંધાઈ છે. પ્રાથમિક તપાસમાં આ ટોળકી એક સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ (Organised Crime Syndicate) ચલાવી રહી હોવાનું અને સતત ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા વિસ્તારમાં પોતાનું વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરી રહી હોવાનું જણાયું હતું. લોકો આ ગેંગના ડરને કારણે ફરિયાદ કરવાથી ડરતા હતા.

આ સંગઠિત ગુનાખોરીને અંકુશમાં લેવા માટે, દેવભૂમિ દ્વારકા પોલીસે આખરે તા. ૦૭/૧૦/૨૦૨૫ના રોજ ગુજસીટોક એક્ટની વિવિધ કલમો હેઠળ આ ગેંગના સભ્યો વિરુદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજસીટોક હેઠળ કાર્યવાહી થનાર આ ત્રીજી ગેંગ છે. આ કેસની વધુ તપાસ DYSP દ્વારકા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

આરોપીઓના નામ

કિશનભા ભાવુભા માણેક(જોધાણી)

મેહુલભાઈ ઉર્ફે ભુરો કમલેશભાઈ પરમાર

કરણભા જેઠાભા કારા

ઉમેશભા અજુભા માણેક

કનૈયાભાઈ ઉર્ફે કાનો સામરાભાઈ હાથીયા

એભાભા વીરાભા સુમણીયા

દિપુભા વીરાભા સુમણીયા

## ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં દબાણો તોડવાની કામગીરીને રૂકજાઓ નો હાઈકોર્ટે કર્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં જાહેર રોડ રસ્તા પર અતિક્રમણ કરવાનો દાવો કરતી કેટલીક દુકાનોના પ્રસ્તાવિત તોડી પાડવાના મામલામાં ૧૬ ઓક્ટોબર સુધી યથાવત સ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે ગઈ તા. ૨૪ સપ્ટેમ્બર ના રોજ નવરાત્રી ઉત્સવ દરમિયાન ગામમાં હિંસાની ઘટના બની હતી. અધિકારીઓએ ગુરૂવારે ગામમાંથી ઘણા કથિત ગેરકાયદેસર બાંધકામો તોડી પાડયા હતા. રાઠોડ ગફ્ફારમીયા અલ્લારખ્ખા સહિત ૮ અરજદારોએ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા અને મિલ્કતોના કબ્જા અંગેના દસ્તાવેજો રજુ કરવા માટે જારી કરાયેલી નોટીસ સામે હાઈકોર્ટમાં અરજી કરી છે. આ મામલો જસ્ટીસ મૌના ભટ્ટની કોર્ટ સમક્ષ સુનાવણી માટે આવ્યો અને તેણે અરજદાર દુકાનદારોને તેમના દાવાને સમર્થન આપવા માટે દસ્તાવેજો રજુ કરવા માટે ૧૬ ઓક્ટોબર સુધી ૭ દિવસનો સમય આપ્યો છે અને જો તેઓ તેમ કરવામાં અસમર્થ હોય તો અધિકારીઓ ૧૬ ઓક્ટોબર પછી યોગ્ય કાર્યવાહી કરી શકે છે. અરજદારોએ રજુઆત કરી હતી કે દુકાનદારોને જારી કરાયેલી નોટીસ કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય છે. કારણ કે ઉપરોકત નોટીસ હેઠળ અરજદારોને અતિક્રમણ દુર કરવા માટે માત્ર બે દિવસનો સમય આપવામાં આવ્યો હતો. અરજદારોને તેમના કેસની રજુઆત કરવાની કોઈ તક આપવામાં આવી નથી. તેઓ વરસોથી આ જગ્યા પર પોતાનો વ્યવસાય કરી રહ્યા છે. બે દિવસ જેટલા ઓછા સમયના અભાવે તેઓ અધિકારીઓને દસ્તાવેજો રજુ કરવામાં અસમર્થ છે. આ હિંસાની તાજેતરની ઘટના માટે સજાના ભાગરૂપે કાર્યવાહી જેવુ છે. કાયદાકીય પ્રક્રિયાઓનુ પાલન કર્યા સિવાય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોની સેવામાં નવીન ૨૦૧ એસ.ટી. બસોને લીલી ઝંડી આપી ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાની, સમયસર અને સુરક્ષિત પરિવહન સેવા પહોંચાડવા માટે સતત નવીન ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને બસોના આધુનિકીકરણ માટે વાહન વ્યવહાર વિભાગનું દિશાદર્શન કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ નાગરિકો માટે બસ સેવાઓને વધુ સુવિધાસભર બનાવવાના હેતુથી ગાંધીનગર ખાતેથી એસ.ટી. નિગમની નવી ૨૦૧ બસોને લીલી ઝંડી ફરકાવીને વિવિધ રૂટ માટે પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ૧૩૬ સુપર એક્સપ્રેસ, ૬૦ સેમી લક્ઝરી અને ૫ મીડી બસોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા બસોના લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રી અને વાહન વ્યવહાર રાજ્ય મંત્રીશ્રીએ બસનું વિધિવત રીતે લોકાર્પણ કરીને બસના ડ્રાઈવર-કંડકટરોનું અભિવાદન કર્યું હતું.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ દિવાળીના તહેવારોમાં રાજ્યનો દરેક નાગરિક પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે દિવાળી નિમિત્તે એકસ્ટ્રા ૪,૨૦૦ બસોના સંચાલનનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

તાજેતરમાં જ ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા ભાદરવી પૂનમ દરમિયાન અંબાજીના મેળા માટે ૨૮,૦૦૦થી વધુ, પવાગઢ આસો નવરાત્રિ માટે ૨૨,૦૦૦થી વધુ અને જન્માષ્ટમીના તહેવારો દરમિયાન ૭,૦૦૦થી વધુ ટ્રિપ્સનું સંચાલન કરીને નાગરિકોને ઉત્તમ પરિવહન સેવાનો પરિચય કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસ.ટી.નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો દ્વારા પ્રતિદિન ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરીને રાજ્યના ૨૭ લાખથી વધુ મુસાફરોને તેમના ગંતવ્યસ્થાને પહોંચાડે છે.

આ લોકાર્પણ સમારોહમાં ગાંધીનગરના મેયર શ્રીમતિ મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ શિલ્પાબેન પટેલ તથા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતિ રીટાબેન પટેલ, ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર અને માણસાના ધારાસભ્યશ્રી જયંતિભાઈ પટેલ ઉપરાંત વાહન વ્યવહાર વિભાગ અને એસ. ટી. નિગમના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સારંગપુર રોડ ઓવરબ્રિજના પુનર્નિર્માણથી ટ્રાફિક વધુ સુગમ બનશે

# અમદાવાદ સ્ટેશનના પુનર્વિકાસ અંતર્ગત ૧૦૦ વર્ષ જૂના સારંગપુર રોડ ઓવરબ્રિજનું પુનર્નિર્માણ કાર્ય ઝડપી પ્રગતિ પર

રેલ લૅન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) દ્વારા અહમદાબાદ રેલવે સ્ટેશનનું પુનર્વિકાસ કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. અહમદાબાદ (કાલુપુર) રેલવે સ્ટેશનના દક્ષિણ ભાગે આવેલ સારંગપુર રોડ ઓવર બ્રિજ (ROB) નું પુનર્નિર્માણ કામ પ્રગતિ પર છે. આ બ્રિજ ૧૯૨૨માં બનાવાયો હતો અને હવે તેની આયુષ્ય મર્યાદા પૂર્ણ થઈ ચૂકી છે. આ બ્રિજ પશ્ચિમમાં અંબેડકર ચોક અને પૂર્વમાં રખિયાલને જોડે છે અને શહેર માટે એક મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પૂરી પાડે છે. નવેમ્બર ૨૦૨૪માં આ ૧૦૦ વર્ષ જૂના બ્રિજના પુનર્નિર્માણની જવાબદારી RLDAને સોંપવામાં આવી હતી.

પુનર્નિર્માણ બાદ રેલવે હિસ્સામાં બ્રિજની પહોળાઈ હાલની ૪ લેનથી વધારીને ૬ લેન કરવામાં આવશે, જેના કારણે ટ્રાફિક ક્ષમતા નોંધપાત્ર રીતે વધશે. આ નવો ROB અહમદાબાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસ હેઠળ બનાવાતા એલિવેટેડ રોડ નેટવર્ક સાથે જોડાશે, જેનાથી આ વિસ્તારમાં ટ્રાફિક જામી ઘટાડશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે.


આ બ્રિજની કુલ લંબાઈમાં ૪૯૭ મીટર લાંબા એપ્રોચ રોડ અને રેલવે યાર્ડ પર ૧૦૭ મીટર લાંબી સ્પાન ધરાવતો મોડિફાઈડ બો-સ્ટ્રિંગ ગર્ડર બ્રિજનો સમાવેશ થાય છે.ઘણી વસ્તી ધરાવતા વિસ્તારમાં આવેલ આ જૂના બ્રિજને સફળતાપૂર્વક અને સુરક્ષિત રીતે તોડી નાખવામાં આવ્યો છે.

આ યોજના ઝડપથી આગળ વધી રહી છે - કુલ ૧૩૨ પાઈલિંગ કામ પૂર્ણ થઈ ચૂક્યાં છે અને સબ-સ્ટ્રક્ચરનું લગભગ ૮૦% કામ પૂરું થઈ ગયું છે. એપ્રોચ રોડ પર ગર્ડર લોન્ચિંગનું કામ પણ ચાલુ છે.

આ યોજના સામાન્ય જનતા અને રેલવે મુસાફરો માટે અનેક ફાયદા લાવશે.

બ્રિજને વિસ્તૃત કરવા અને કનેક્ટિવિટી સુધારવાથી દૈનિક ટ્રાફિક સરળ બનશે, રોડ અને રેલવે સુરક્ષામાં સુધારો થશે અને સ્માર્ટ, સુવ્યવસ્થિત અહમદાબાદના વિકાસમાં મદદ મળશે. RLDA આ પ્રોજેક્ટને નિર્ધારિત ૧૮ મહિનાના સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

સારંગપુર ROBનું પુનર્નિર્માણ માત્ર એક માળખાકીય પરિવર્તન નથી, પરંતુ શહેરના વધુ સારા અને વધુ સુલભ ભવિષ્ય તરફ એક મહત્વપૂર્ણ પગલું પણ છે.



ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# દિનેશ હોલ, આશ્રમરોડ ખાતે કર્ણાવતી મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન" અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું





આજરોજ દિનેશ હોલ, આશ્રમરોડ ખાતે કર્ણાવતી મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન" અંતર્ગત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.

કર્ણાવતી મહાનગર મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન" અંતર્ગત મહાનગર કાર્યશાળાનું આયોજન દિનેશ હોલ, આશ્રમરોડ ખાતે કરવામાં આવ્યું હતું.

આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ તેમજ રાજ્યના પૂર્વ ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા એ સૌને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે " આપણો ભારત દેશ સદીઓથી આત્મનિર્ભર જ હતો પરંતુ દેશને ગુલામ બનાવીને વિદેશી તાકાતો દ્વારા તેમના પર નિર્ભર બનાવવામાં આવ્યો હતો. આઝાદીની ચળવળ વખતે પણ વંદેમાતરમ ગીત પણ સ્વદેશી આંદોલનનો જ એક ભાગ હતું. ભારતીય જનતા પાર્ટીના સ્થાપક પંડિત દિનદયાલ ઉપાધ્યાયજી દ્વારા પણ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા 'સ્વદેશી' અને 'વિકેન્દ્રીકરણ' પર ભાર મુકવામાં આવ્યો હતો. આવનાર દિવસોમાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પરિકલ્પના મુજબ આ અભિયાન અવિરત ચાલતું રહેશે અને સ્વદેશી ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણ અંગે જનજાગૃતિ લાવવામાં આવશે. આજે ટેરર થી ટેરિફ સુધીની લડાઈમાં દેશને વિશ્વ ફલક પર મજબૂત બનાવવા માટે દેશને આત્મનિર્ભર બનાવવો જ એકમાત્ર વિકલ્પ છે. દેશનો નાગરિક ખરીદી કરતી વખતે સ્વદેશી ચીજવસ્તુઓનો આગ્રહ રાખે તે માટે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા આગામી દિવસોમાં લોકસંપર્ક કરી છેવાડાના લોકો સુધી પહોચે તે ખૂબ જરૂરી છે."

પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સહ પ્રવક્તા અને આજના કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી હિતેન્દ્રભાઈ પટેલે વિવિધ કાર્યક્રમોની રુપરેખા આપતા જણાવ્યું હતું કે " સમગ્ર દેશમાં ૧૫ સપ્ટેમ્બર એટલે કે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જન્મજયંતિ થી શરૂ કરીને ૧૫ ડિસેમ્બર એટલેકે સ્વ. અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતિ સુધી આ અભિયાન ચાલશે. તા. ૮ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર સુધી મહાનગર / જીલ્લા સ્તરે કાર્યશાળાનું આયોજન કરવામાં આવશે તેમજ વિવિધ જગ્યાએ વેપારીઓ / ઉદ્યોગપતિઓના સંમેલન યોજાશે. ૧૬ ઓક્ટોબર થી ૩૦ ઓક્ટોબર સુધી નાના વેપારીઓની મુલાકાત થશે તેમજ ૨૬ ઓક્ટોબર થી ૫ નવેમ્બર સુધી ઘરે ઘરે સ્ટીકર લગાવવામાં આવશે અને દિવાળી નિમિત્તે સ્નેહમિલન યોજાશે જેમાં આત્મનિર્ભર ભારતનો સંકલ્પ લેવડાવવામાં આવશે. દિવાળીના તહેવારો બાદ તા. ૧ નવેમ્બર થી ૩૦ નવેમ્બર સુધી શાળા / કોલેજોમાં, વિવિધ સંસ્થાઓમાં સ્વદેશી અપનાવો ઓનલાઈન ક્વિઝ, નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા યોજાશે તેમજ વોલ પેઈન્ટીંગ, શેરી નાટકો, પ્રભાત ફેરી, પ્રદર્શની જેવા વિવિધ અભિયાન મારફતે જનજાગૃતિ લાવવામાં આવશે. તા. ૧ ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર નાના વેપારીઓના સંમેલન યોજાશે, ગૃહિણીઓના સંમેલન યોજાશે તેમજ આત્મનિર્ભર ભારત સંકલ્પ રથ સમગ્ર ગુજરાતમાં ફેરવવામાં આવશે. આ પ્રકારે આવનારા દિવસોમાં ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર્તા સ્વદેશી ચીજવસ્તુઓના ઉપયોગને જનઆંદોલન બનાવી દેશને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પીત થશે." મહાનગર અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે " ભારત દેશનો સદીઓ પહેલા વિશ્વના વ્યાપાર પર દબદબો હતો પરંતુ આક્રાંતાઓ દ્વારા દેશના અર્થતંત્રને મોટું નુકસાન પહોચાડવામાં આવ્યું. અંગ્રેજો દ્વારા દેશને પરદેશીઓ પર નિર્ભર બનાવવાના પ્રયાસો થયા. આઝાદી બાદ સ્વદેશી અપનાવવાના નારાઓ ખૂબ લાગ્યા પરંતુ તેના માટે કોંગ્રેસની સરકાર દ્વારા કોઈ પણ નક્કર પગલાં લેવામાં ન હતાં આવ્યા. ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની વાત ઈ.સ ૧૯૫૪ ના જનસંઘના અધિવેશનમાં પણ કરવામાં આવી હતી. દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ૨૦૧૪ થી ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન જેવી આર્થિક નીતિઓથી આજે ભારત દેશ કર્જદાર માંથી કર્જદાતા બન્યો છે." મહાનગર ભાજપાના મંત્રી શ્રી હિરેનભાઈ જાદવ દ્વારા કાર્યશાળામાં ઉપસ્થિત સૌને આત્મનિર્ભર ભારતનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આજની કાર્યશાળામાં મહાનગરના પ્રભારી શ્રી સંજયભાઈ પટેલ, અમદાવાદ પૂર્વનાં સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, મહાનગરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, સૌ ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં અપેક્ષિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાએ ગુજરાતના પ્રથમ ગ્રીન રેલવે સ્ટેશન - એકતાનગરની મુલાકાત લીધી



કેન્દ્રીય રેલવે અને જળ શક્તિ રાજ્ય મંત્રી શ્રી વી. સોમન્નાએ ૦૯ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ ભારતના સૌથી સુંદર અને આધુનિક રેલવે સ્ટેશનોમાં ના એક અને ગુજરાતના પ્રથમ "ગ્રીન રેલવે સ્ટેશન" એકતા નગરની મુલાકાત લીધી. શ્રી સોમન્નાએ રેલવે સ્ટેશન પરિસરનું નિરીક્ષણ કર્યું અને સ્વચ્છતા, આધુનિક સુવિધાઓ અને ગ્રીન ટેકનોલોજી સંબંધિત વિગતવાર માહિતી મેળવી.મીડિયાને સંબોધતા શ્રી સોમન્નાએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૧ વર્ષોમાં, ભારતીય રેલવે એ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને સાકાર કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. વર્ષ ૨૦૨૫- ૨૬ માટે ગુજરાતને ?૧૭,૧૫૫ કરોડનું બજેટ ફાળવણી કરવામાં આવી છે,, જે વર્ષ ૨૦૦૯ -૧૪ માટે ફાળવણી કરતાં ૨૯ ગણું વધારે છે. વર્ષ ૨૦૧૪ થી, અત્યાર સુધી ગુજરાતમાં ૨૭૩૯ કિલોમીટર નવા રેલવે ટ્રેકનું નિર્માણ કરવામાં આવ્યું અને ૩,૧૪૪ કિલોમીટર રેલવે ટ્રેકનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૮૭ સ્ટેશનોને અમૃત ભારત સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

મુસાફરોની સારી સુવિધાઓ પૂરી પાડવા માટે, ગુજરાતમાં વિવિધ સ્ટેશનો પર ૯૭ લિફ્ટ અને ૫૦ એસ્કેલેટર નિર્માણ કરવામાં આવ્યું છે, અને ૩૩૫ સ્ટેશનો પર વાઈફાઈ સુવિધા આપવામાં આવી છે. આ સમયે ગુજરાત રાજ્ય માં ચાર વંદે ભારત ટ્રેનો નું પરિચાલન ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વ માં એકતાનગર, વડોદરા, અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં રેલવે સુવિધાઓને આધુનિક સ્તર સુધી પહોંચાડવામાં આવી છે. પ્રધાનમંત્રીના "વિકસિત ભારત ૨૦૪૭" ના વિઝનમાં રેલવેની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. એકતાનગર સ્ટેશન પર નિરીક્ષણ પહેલાં, માનનીય રેલવે રાજ્યમંત્રી શ્રી વી. સોમન્ના જી એ આજે વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે સાથે સુરત-એકતા નગર સેક્શનનું વિન્ડો ટ્રેલિંગ નિરીક્ષણ પણ કર્યું. નિરીક્ષણ દરમિયાન, તેમણે રેલવે ટ્રેક ની સુરક્ષા અને પરિચાલન દક્ષતાની સમીક્ષા કરી હતી. તેમણે મંડળના ટ્રેક સેફટી અને પરિચાલન દક્ષતાની સાથે ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

## રાજકોટ બાળ આરોપીના વાળ કાંડમાં પોલીસમેને પોતાની સેફટી માટે વિડીયો ઉતાર્યો હોવાનુ આપ્યુ નિવેદન

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટના રૈયા રોડ કનૈયા ચોકમાં થોડા દિવસ અગાઉ યુવક પર છરી થી થયેલા હુમલાની ઘટનામાં ગાંધીગ્રામ પોલીસે એક બાળ આરોપી સહિત પાંચની અટકાયત કરી હતી. એક બાળ આરોપીને પોલીસ સ્ટેશનની અંદર તાલીબાની જેવી ક્રુરતા આચરી બાળ આરોપીના માથાના મુળમાંથી વાળ ખેંચી કાઢતા આ કૃત્યનો વિડીયો પણ ઉતારવાના ચકચારી બનાવમાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના સફાઈ કામદાર શૈલેષ અને કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગર સામે ગુન્હો નોંધી શૈલેષની ધરપકડ કર્યા બાદ કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારે પોતે પોતાની સેફટી માટે વિડીયો ઉતાર્યાનુ નિવેદન લખાવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ટોક ઓફ ધ ટાઉન બનેલા બાળ આરોપીના મુળમાંથી વાળ ખેંચી નાખવાના ચકચારી પ્રકરણમાં પ્રથમ થી જ થયેલી તપાસ સામે પણ શંકાઓ ઉપજાવે તેવા આરોપીઓ દ્વારા એક પછી એક નિવેદનો નોંધાવતા હવે તપાસકર્તાઓ સામે પણ આશંકાઓ ઉભી થાય તેવુ જણાઈ રહ્યુ છે. આ પ્રકરણમાં ગાંધીગ્રામ પોલીસે સફાઈ કામદાર શૈલેષ તથા કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગર વિરૂધ્ધ ગુન્હો નોંધી પ્રથમ શૈલેષની ધરપકડ કર્યા બાદ પોલીસમેન આરોપી કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરની ધરપકડ કરી હતી. તેની પુછતાછ કરતા તેણે આ વાળ ખેંચવાના કૃતિઓમાં પોતાનુ નામ ન ખુલે તે માટે વિડીયો ઉતાર્યાનુ નિવેદન આપ્યુ હતું. પરંતુ વિડીયો વાયરલ પોતે નહી કર્યાનુ તપાસ કરતા અધિકારીઓ સામે નિવેદન નોંધાવતા હવે પોલીસ માટે જો પ્રદિપ ડાંગરે આ વિડીયો વાયરલ નથી કર્યો તો કોણે કર્યો તે તપાસનો વિષય બની ગયો છે.


**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**CENTRAL WORKSHOP**
**E-Tender Notice**

Tender No. 70 / 2025-26 For Comprehensive O & M Contract for Refuse Compactor Vehicles as per Scope of work ,requirements & terms-conditions of AMC.

| | |
|---|---|
| Online Submission upto | Dat 06/11/25 up to 18.00 Hrs. |
| Details and Tenders available on | www.tender.nprocure.com & www.ahmedab.adcity.gov.in |






# ગુજરાત સરકારે હવે સરકારી કામકાજ માટે જો હો મેઈલનો ઉપયોગ કરવા જણાવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર પણ જો હો મેઈલ અપનાવશે, ગુજરાત સરકારે રાજયના સાયન્સ અને ટેકનોલોજી વિભાગે આદેશ કર્યો કે આત્મનિર્ભર ભારત અભિયાનના સમર્થનમાં જો હો ને અપનાવવામાં આવશે. હવેથી તમામ વિભાગો, બોર્ડ, કોર્પોરેશનમાં સ્વદેશી અભિયાન અંતર્ગત જો હો નો ઉપયોગ થશે. આ અંગે સરકાર દ્વારા પરીપત્ર બહાર પાડવામાં આવ્યો છે.




સરકારે બહાર પાડેલા પરીપત્રમાં જણાવ્યુ છે કે ડીઝીટલ સ્વદેશી અને આત્મનિર્ભર ભારત પહેલ હેઠળ આત્મનિર્ભર ડીઝીટલ અર્થતંત્ર બનાવવાના ભારત સરકારના વિઝન સાથે સુસંગતતામાં અને ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા સ્વદેશી ડીઝીટલ ટેકનોલોજી અપનાવવાને પ્રોત્સાહન આપવાના ચાલુ પ્રયાસોને ચાલુ રાખીને સત્તાવાર સંદેશા વ્યવહાર અને દસ્તાવેજ વ્યવસ્થાપન માટે સુરક્ષિત, ભારત મુળ પ્લેટફોર્મના ઉપયોગને પ્રોત્સાહન આપવુ અનિવાર્ય બન્યુ છે.

આ સંદર્ભમાં ભારતમાં વિકસિત અને હોસ્ટ કરાયેલ જો હો ના ઈમેઈલ અને ઓફીસ ઉત્પાદકતા સ્યુટને અપનાવવાને ડીઝીટલ સાર્વભૌમત્વ વધારવા અને સરકારી સંસ્થાઓમાં સ્વદેશી ઉકેલોના ઉપયોગને પ્રોત્સાહન આપવા તરફ એક વ્યુહાત્મક પગલુ માનવામાં આવી રહ્યુ છે.

તદઉપરાંત તમામ વિભાગો, બોર્ડ , કોર્પોરેશનો, હેડ ઓડી અને પીએસયુ ને ડીઝીટલ સાર્વભૌમત્વ અને આત્મનિર્ભર ભારતનો મજબુત બનાવવા માટે ડીઝીટલ સ્વદેશી ચળવળ હેઠળ જો હો ઈમેઈલ સોલ્યુશન અને જો હો ઓફીસ સ્યુટ અપનાવવાની સલાહ આપવામાં આવી છે. આઈસીટી અને ઈ-ગવર્નન્સ ડીરેકટોરેટ (ડીઆઈટી) એનઆઈસી ગુજરાત રાજય એકમ સાથે સંકલનમાં આ પહેલ માટે નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે. જો હો મેઈલ એ ભારતીય કંપની જો હો કોર્પોરેશનનો ઈમેઈલ કલાયન્ટ છે. તે જો હો ના સ્થાપક શ્રીધર વેમ્બુ દ્વારા વિકસાવવામાં આવ્યો હતો. તે એક જાહેરાતમુકત પ્લેટફોર્મ છે. જે વ્યકિતગત અને વ્યવસાયિક બંને વપરાશકર્તાઓને સેવા આપે છે. કંપનીનો દાવો છે કે ડેટા એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્સન દ્વારા સુરક્ષિત છે અને જાહેરાતકર્તાઓ સાથે કોઈ માહિતી શેર કરવામાં આવતી નથી. આ પ્લેટફોર્મ પર યુઝર્સ પાસે વ્યકિતગત, વ્યવસાયિક તેમજ પ્રમોશનલ ઈમેઈલ્સ માટે અલગ ટેબ્સ છે. તેમજ કેલેન્ડર, નોંધો અને સંપર્કો જેવી સુવિધાઓ છે.

# આમ આદમી પાર્ટી નેતા રાજુ કરપડાએ બોટાદ માર્કેટીંગ યાર્ડ ગજવ્યું : કડદા પ્રથા સામે ખેડુતો સાથે બેઠા ધરણાં પર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આમ આદમી પાર્ટી હવે ગુજરાતમાં દરેક નેતાઓને એકશન મોડમાં લાવી દીધા છે. આગામી ચુંટણી પહેલા જ આમ આદમી પાર્ટી ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ ને કાંટાની ટકકર આપે તેવો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ગોપાલ ઈટાલીયા તો બીજી તરફ આમ આદમી પાર્ટી નેતા રાજુ કરપડા હવે લડી લેવાના મુડમાં છે. તેઓ અત્યારે એક કડદા પ્રથાના મુદ્દા પર મેદાને આવ્યા છે અને બોટાદ માર્કેટીંગ યાર્ડમાં કડદા પ્રથા મામલે લડી લેવાના મુડમાં છે. આજે શુક્રવારે તેઓ બોટાદ પહોચ્યા હતા અને ત્યાં ખેડુતોને સાથે



રાખી માર્કેટીંગ યાર્ડમાં પહોચ્યા હતા અને ત્યાંજ હુંકાર ભર્યો હતો અને ચેરમેન સામે આ કડદા પ્રથા બંધ કરવાની માંગ કરી હતી અને ઉમેશ મકવાણાના ગઢ બોટાદના માર્કેટયાર્ડમાં ખેડુતો સાથે પહોચ્યા હતા અને ખેડુતો માટે કડદા પ્રથા બંધ કરવાની માંગ કરી હતી. હાલ રાજુ કરપડા ખેડુતો સાથે ધરણાં પર બેસી ગયા છે અને માર્કેટીંગ યાર્ડના સભ્યો ત્યાંથી જતા રહ્યા હતા. આમ આદમી પાર્ટી નેતા રાજુ કરપડાએ આજે ઉમેશ મકવાણાનો કહેવાતા ગઢ બોટાદના માર્કેટીંગ યાર્ડમાં પહોચ્યા હતા. આમ આદમી પાર્ટી ખેડુત નેતા રાજુ કરપડા એ બોટાદ માર્કેટ યાર્ડના સત્તાધીશો સામે ઉગ્ર રજુઆત કરી હતી. જયાં તેમણે કહ્યુ હતુ કે બોટાદ માર્કેટ યાર્ડને લુંટવામાં સત્તાધીશોએ કોઈ કમી રાખી નથી. માર્કેટીંગ યાર્ડની અંદર કડદા બહાના હેઠળ ખેડુતોને લુંટવાના ષડયંત્ર ચાલતા હતા.

હવે કડદા પ્રથા બંધ કરાવીશુ, માર્કેટીયાર્ડમાં ખેડુતોનુ શોષણ બંધ થાય, બોટાદ માર્કેટ યાર્ડને બદનામ કરવાનુ કામ એના સત્તાધીશો અને વેપારીઓએ કર્યુ છે.

કપાસની હરાજી થઈ ગયા બાદ ખેડુતોને ૧૫ કિ.મી.દુર કપાસ પહોચાડવાનુ કહેવામાં આવે છે, આ બધા ધંધા બંધ કરાવીશુ, બોટાદ માર્કેટયાર્ડમાં આવતા ખેડુતોને લુંટવાનુ કામ સત્તાધીશોની રહેમ નજર હેઠળ ચાલી રહ્યુ છે.

વેપારી અને દલાલો માર્કેટ યાર્ડમાં ખેડુતોનુ શોષણ કરી રહ્યા છે. દલાલ અને ઈન્સ્પેકટર કયાંક ને કયાંક વેપારીનો પક્ષ લે છે,

# અંબાજીના દર્શન કરી ગુજરાત પ્રવાસનો પ્રારંભ કરતા પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા

### જગદીશ વિશ્વકર્માએ શુભેચ્છકો માટે નવી પહેલ શરૂ કરી : ફુલહાર અને બુકે ના બદલે તેઓ વિદ્યાભ્યાસના ચોપડા અને પુસ્તકો સ્વીકારશે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

તાજેતરમાં જ ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુકત થયેલા જગદીશ વિશ્વકર્માએ આજે શુક્રવારે સવારે અંબાજીના દર્શન કરી આશીર્વાદ સાથે ગુજરાત પ્રવાસનો શુભારંભ કર્યો હતો.

આજે શુક્રવારે અંબાજી ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ અને રાજયના મંત્રી જગદીશ વિશ્વકર્માએ અંબાજી માતાના દર્શન કરી ગુજરાત પ્રવાસનો પ્રારંભ કર્યો હતો તેમજ અંબાજી બજારમાં હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી અભિયાન અંતર્ગત વેપારીઓના ત્યાં સ્ટીકર લગાવ્યા હતા. આ પ્રસંગે રાજય



સરકારના મંત્રી રાઘવજી પટેલ, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તિસિંહ વાઘેલા, સાંસદો , ધારાસભ્યો અને પ્રદેશ ના પદાધિકારીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આજે શુક્રવારે સવારે ૯ કલાકે અંબાજી માતાજીના દર્શન કરી આશીર્વાદ લીધા બાદ વિશ્વકર્માના પ્રવાસની શરૂઆત થઈ છે. ધાર્મિક યાત્રાને આગળ વધારતા તેઓ પાલનપુર જવા માટે રવાના થયા હતા તો બીજી તરફ સવારે ૧૧ વાગે કાર્યકર્તા મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લાના આગેવાનો સાથે ભોજન લીધા બાદ તેઓ બપોરે ૩ વાગે ઉંઝા ખાતે ઉમિયા માતાજીના દર્શન કરવા પહોચ્યા હતા. સાંજે ૪ કલાકે તેમનુ આગમન મહેસાણામાં થયુ હતુ, જયાં કાર્યકર્તાઓ દ્વારા તેમનુ ભવ્યાતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. મહેસાણાથી કલોલ સુધીના પ્રવાસ દરમિયાન માર્ગમાં આવતા અનેક ગામડાઓમાં તેઓ કાર્યકર્તાઓનુ અભિવાદન ઝીલતા રહ્યા હતા, ત્યારબાદ ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે જીએસટી માં રાહત અંગે દુકાનોમાં સ્ટીકર લગાડવાના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને સાંજે ૭:૧૫ કલાકે ગાંધીનગરના ગીફટ સીટી ખાતે યોજાનારા નમોત્સવ કાર્યક્રમમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ સંગઠન પ્રવાસ દરમિયાન એક પ્રશંસનીય નવી પહેલ શરૂ કરી છે. અભિવાદન માટે શુભેચ્છકો, ફુલહાર, ફુલ બુકે અથવા મોમેન્ટો જેવી ભેટોને બદલે વિદ્યાભ્યાસના ચોપડા અને પુસ્તકો સ્વીકારશે, આ તમામ શૈક્ષણિક સામગ્રી જરૂરીયાત મંદ બાળકો અને વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવશે.

# અમદાવાદમાં ટ્રાફીકમાં ફરજ બજાવતો પોલીસ કોન્સ્ટેબલ રૂ.૧ હજારની લાંચ લેતા ઝડપાયો : ફરીયાદી પાસે દિવાળી બોનસની કરી હતી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આ કામના ફરીયાદી ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને જે અમદાવાદ શહેરમાં માલ સામાનના હેરફેર માટે ભાડેથી ગાડીઓ ચલાવે છે, ગઈ તા. ૩ ઓકટોબરના રોજ ફરીયાદીના ડ્રાઈવરનો ફોન આવેલ અને કહેલ કે તેઓએ સીટ બેલ્ટ પહેરેલ ન હોવાથી ફરીયાદીની આઈસર ગાડી અસલાલી રીંગરોડ સર્કલ પર પોલીસના માણસોએ રોકેલ અને આરોપીએ ૩ હજારનો સીટ બેલ્ટનો મેમો આપવાનુ કહેતા જેથી ફરીયાદીએ આરોપી સાથે



મોબાઈલ ફોનમાં વાત કરી ગાડી છોડવા બાબતે વિનંતી કરતા આરોપીએ રૂબરૂ માં મળવા જણાવેલ હતું. ત્યારબાદ આરોપી ફરીયાદીને ટેલીફોન કરી રૂબરૂમાં મળવા બોલાવતા હતા અને નહી મળે તો હેરાન કરવાની ગર્ભીત ધમકી આપતા હોવાથી નાછુટકે ફરીયાદી ૩ થી ૪ દિવસ બાદ અસલાલી સર્કલ ખાતે જઈ આરોપી કિશોરભાઈને રૂબરૂ મળતાં તેઓએ રૂપીયા ૧ હજારની માંગણી કરી હતી. ફરીયાદીની પાસે ૬ થી ૭ વાહનો હોવા અંગે અને તે જ રૂટ ઉપર કાયમી ચાલતા હોવાની વાતચીત કરી ફરીયાદીએ તે સમયે રૂપીયા ૧ હજાર આપી દીધેલ હતા, પરંતુ આરોપીએ તેમની પાસે દિવાળી બોનસની પણ માંગણી કરતા ફરીયાદીએ એક કે બે દિવસમાં આપી દેવાનો વાયદો કર્યો હતો પરંતુ ફરીયાદી દિવાળી બોનસ પેટે લાંચની રકમ આપવા માંગતા ન હોઈ એસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપતા લાંચના છટકાનુ આયોજન કરવામાં આવ્યુ હતું અને લાંચના છટકા દરમિયાન આરોપીએ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી દિવાળી બોનસ પેટે માંગેલ લાંચના રૂપીયા ૧ હજાર સ્વીકારી રંગે હાથ ઝડપાઈ ગયો હતો. જેમાં આરોપીનુ નામ છે કિશોરભાઈ કાંતીભાઈ મકવાણા વર્ગ-૩ ટ્રાફીક પોલીસ સ્ટેશન અમદાવાદ. જયારે ટ્રેપીંગ કરનાર અધિકારીઓમાં ડી બી મહેતા પીઆઈ ફીલ્ડ ૩, એસીબી અમદાવાદ તથા એસીબી સ્ટાફ નાઓએ છટકાનુ આયોજન ગોઠવ્યુ હતું.

## ખેડુતોને મગફળીમાં રૂ.૨૦ હજાર કરોડનુ નુકશાન : કુદરતની થપાટ પછી વેપારીઓ સરકાર અને તેલ લાંબીની ધોળા દિવસે લુંટ

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારના અપુરતા ટેકાથી ખેડુતોની માઠી દશા બેઠી છે. એક તો પાછોતરો વરસાદ થવાથી મગફળીનુ ઉત્પાદન ૬૬ લાખ ટન થી ઘટીને ૫૦ લાખ ટન થઈ શકે છે. વળી ટેકાના ભાવ કરતા નીચા ભાવે વેપારીઓને માલ વેચવો પડી રહ્યો છે. આ બધુ ગણતા ખેડુતોને રૂપીયા ૧૦ હજાર કરોડથી રૂપીયા ૨૦ હજાર કરોડના નુકશાનીનો ભય ઉભો થયો છે. સરકાર પણ ૨૦ ટકાથી વધારે મગફળી ટેકાના ભાવે ખરીદવાની નથી તેથી વેપારીઓ ખેડુતોના માલની લુંટ ચલાવી રહ્યા છે. કુદરતે ફટકો માર્યા પછી ભાજપ સરકારે પણ લપડાક મારી



છે. તેથી વેપારીઓ મનમાન્યો ભાવ નકકી કરીને ખેડુતોને લુંટી રહ્યા છે. ટેકાના ભાવ કરતા નીચા ભાવે માર્કેટીંગયાર્ડ માલની હરાજી કરી શકે નહી છતાં ભાજપ સંચાલીત માર્કેટીંગ યાર્ડમાં લુંટ ચાલી રહી છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રની તેલ લાંબીએ તેલના ભાવ વધારી દઈને ગુજરાતના નાગરીકોની રીતસર લુંટ ચલાવી છે. અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયા, મંત્રી રાઘવજી પટેલ, મંત્રી બચુ ખાબડ, કૃષિ અને ખેડુત કલ્યાણમંત્રી શીવરાજસિંહ ચૌહાણ, કૃષિ વિભાગના સચિવ અંજુ શર્મા જવાબદાર હોવા છતાં તેઓ ખેડુતો માટે કઈ કરવા તૈયાર નથી. અધુરામાં પુરૂ કરવા માંગતા હોય તેમ ભાજપ સંચાલિત ૩૩ એપીએમસીમાં નીચા ભાવે લુંટ ચલાવવા દેવામાં આવી રહી છે.

# આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત હિંમતનગરમાં ભાજપ દ્વારા કાર્યશાળા યોજાઈ

### હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના સુત્રને સાર્થક કરવા આહવાન કરાયું: આત્મનિર્ભર રાષ્ટ્રનુ નિર્માણ કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન દ્વારા ભારતને આત્મનિર્ભર કરવા માટે દેશની પ્રજાને તેમાં યથાયોગ્ય સહયોગ આપીને આત્મનિર્ભર રાષ્ટ્રનુ નિર્માણ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે. તે અભિયાનને ઉજાગર કરવા માટે ગુજરાતમાં ઠેર ઠેર કાર્યશાળા યોજાઈ રહી છે.



ત્યારે સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે પણ આત્મનિર્ભર ભારત અભિયાન અંતર્ગત જિલ્લાની કાર્ય શાળા યોજાઈ હતી. જેમાં પ્રદેશ અને જિલ્લાના ભાજપના આગેવાનોએ ઉપસ્થિત રહીને પ્રસંગોચીત ઉદબોધન કરી હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશીના સુત્રને સાર્થક કરવા આહવાન કર્યુ હતું. હિંમતનગર ખાતે યોજાયેલ ભાજપની કાર્યશાળામાં પ્રદેશના અગ્રણી હર્ષદગીરી ગોસ્વામીએ કાર્યકરોને સંબોધતા જણાવ્યુ હતુ કે હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશીના સુત્રને સાર્થક કરવા માટે સૌએ ખભે ખભા મીલાવી ગામડાઓમાં રહેતા દેશવાસીઓ સુધી વડાપ્રધાનનો આ સંદેશ પહોચાડવો જોઈએ. ૨૧ મી સદી ભારતની સદી છે તેવુ બોલવાથી સાર્થક થતુ નથી. તેના માટે રોડ મેપ બનાવવો જોઈએ, દેશના ૧૪૦ કરોડ લોકોને સ્વદેશી અભિયાનમાં જોડવા જોઈએ. જેના માટે આ શ્રેષ્ઠ સમય છે. કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના આત્મનિર્ભર કાર્યક્રમના પ્રદેશ ના સદસ્ય રાજુભાઈ શુકલાએ જણાવ્યુ હતુ કે દિવાળીના તહેવારો પછી સાબરકાંઠામાં તમામ શકિત કેન્દ્રોમાં આત્મનિર્ભર ભારત અંતર્ગત સ્નેહ સંમેલન યોજવા માટે આયોજન કરાયુ છે.

દેશવાસીઓ સ્વદેશી વસ્તુઓ અપનાવતા થાય તે મુખ્ય લક્ષ્ય છે. છેવાડાના માનવી કેવી રીતે સુખી રહે અને ભારતમાં બનેલી ચીજ વસ્તુઓનુ વેચાણ વધુ થાય તો જ ભારત વિશ્વગુરૂ બનવા માટે સાર્મથ્ય પ્રાપ્ત કરી શકશે. જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે કારીગરો, નાના ઉત્પાદકો, ફેરીયાઓ અને વેપારીઓને કેવી રીતે મદદ કરી શકાય તે માટે જાણકારી આપી હતી. મહામંત્રી વિજય પંડયા એ આગામી તા. ૨૫ ડીસેમ્બર સુધી સ્વદેશી અપનાવો સંકલ્પ હેઠળ સાબરકાંઠામાં યોજાનાર કાર્યક્રમોની રૂપરેખા રજુ કરી હતી. એટલુ જ નહી પણ આત્મનિર્ભર ભારતનો વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે શહેરી, ગ્રામ્ય અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા માટેની કટીબધ્ધતા વ્યકત કરાઈ હતી.

# ગોપાલ ઈટાલીયાની આવતી કાલે તા. ૧૨મીએ રાજકોટના મવડી ચોકમાં જાહેર સભા

### આગામી બુધવારે જગદીશ વિશ્વકર્માના આગમન અગાઉ જ આમ આદમી પાર્ટી વધુ સક્રિય પાટીદાર ફેકટર ચગાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વિસાવદર વિધાનસભા ચુંટણીમાં ભાજપ અને કોંગ્રેસને પછડાટ આપી વિજય મેળવનાર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા હવે સુરત થી સૌરાષ્ટ્ર સુધી એક મહત્વના ફેકટર તરીકે પક્ષને સ્થાપવા ખાસ કરીને વર્ષના અંતે આવી રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં આમ આદમી પાર્ટીને એક પડકારનાર પક્ષ તરીકે સ્થાપવા આતુર છે અને આમ આદમી પાર્ટી પણ હવે તે માટે એકલા હાથે સ્થાનિક ચુંટણી લડશે તે પણ જાહેરાત કરી દેવામાં આવી છે, તે વચ્ચે હાલમાં જ રાજકોટના પાટીદાર ખાસ કરીને લેઉઆ પાટીદાર વર્ચસ્વ વાળા ઉપલાકાંઠા તરીકે જાણીતા પેડક રણછોડનગર સહિતના વિસ્તારોને આવરી લેતી એક જાહેરસભાને સંબોધ્યા બાદ હવે ગોપાલ ઈટાલીયા આવતી કાલે તા. ૧૨ મી ના રોજ નવા



રાજકોટના લેઉઆ પાટીદારની વિશાળ વસ્તી ધરાવતા મવડી ચોકમાં જાહેરસભા સંબોધવા જઈ રહ્યા છે.

બાપા સીતારામ ચોકમાં આવતી કાલે તા. ૧૨ મી ના રોજ રાત્રીના ૮ કલાકે તેઓ આ સભાને ગજવવાના છે. વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ ચુંટણી જીતીને હવે સમગ્ર રાજયમાં વિસાવદરવાળી કરવાનો જે સંદેશ વાયરલ કર્યો છે. તે એક મોટુ ફેકટર બની શકે છે અને ખાસ કરીને ગોપાલ ઈટાલીયા તેના લેઉઆ પટેલ અને પાટીદાર ફેકટરનો પક્ષને આગળ વધારવામાં પુરો ઉપયોગ કરી રહ્યા છે. તેથી પ્રથમ સામા ઉપલાકાંઠે અને હવે મવડી ચોક વિસ્તાર પસંદ કર્યો છે. એક તરફ ભાજપના નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા આગામી તા. ૧૫ ઓકટોબરના રોજ રાજકોટ આવી રહ્યા છે તથા ખાસ કરીને સૌરાષ્ટ્રમાં હવે ભાજપ પાટીદાર ફેકટર તેની સાથે જ રહે તે નિશ્ચિત કરવા સંગઠનમાં કયા પાટીદાર ચહેરાને મહત્વ આપે છે તે વચ્ચે આમ આદમી પાર્ટી જે રીતે વાતાવરણ બનાવવા સક્રિય છે. તેથી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો જંગ રસપ્રદ હશે તે નિશ્ચિત છે.

# નલ સે જલ યોજનામાં મસ મોટુ કૌભાંડ : ૬ જિલ્લામાં ભ્રષ્ટાચારની ૧૮ થી વધુ ફરીયાદો થી મચ્યો ખળભળાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

નલ સે જલ યોજના થકી ઘરે ઘરે નળના માધ્યમથી શુધ્ધ પીવાનુ પાણી મળી ગયા તેવા વચન વાયદા કરવામાં આવી રહ્યા છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે નળ તો લાગ્યા છે પણ લોકો શુધ્ધ પાણીની રાહ જોઈ રહ્યા છે. મનરેગા કૌભાંડની હજુ શાહી સુકાઈ નથી ત્યાં જ નલ સે જલ યોજનામાં પણ ગેરરીતી અને ગોટાળા થયા હોવાનુ બહાર આવ્યુ છે તેવુ ખુદ સરકારે સ્વીકાર્યુ છે.

ખેડા જિલ્લા સહિત અન્ય ૬ જિલ્લાઓમાં નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની કુલ ૧૮ ફરીયાદો મળી છે. નલ સે જલ યોજનામાં ગુજરાતે ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ કરી છે. એટલુ જ નહી ૯૧,૧૮,૪૧૫ ઘર સુધી નળમાં પાણી પહોચ્યુ છે તેવો




સરકારે દાવો કર્યો છે. પણ હકીકતમાં એવુ થયુ નથી. પછાત અને આદિવાસી વિસ્તારોમાં નળ તો લગાડી દેવાયા છે. પણ હજુ શુધ્ધ પાણી પહોચ્યુ નથી. મનરેગા કૌભાંડે તો સરકારની આબરૂ ધુળધાણી કરી છે, ત્યારે હવે નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર અને ગેરરીતી આચરવામાં આવી હોવાની વાત બહાર આવી છે.

મનરેગા બાદ નલ સે જલ યોજના પણ ભ્રષ્ટ અધિકારી અને મળતીયા કોન્ટ્રાકટર માટે મલાઈ તારવાની યોજના બની રહી હતી. કારણ કે આ યોજનામાં પણ કૌભાંડ આચરવામાં આવ્યુ છે. બનાસકાંઠા જિલ્લામાં ૩, ખેડા જિલ્લામાં ૪, મહેસાણા જિલ્લામાં ૧, બોટાદ જિલ્લામાં ૩, ગીર સોમનાથ જીલ્લામાં ૫ અને જુનાગઢ જિલ્લામાં ૨ મળી કુલ ૧૮ ફરીયાદો થઈ છે. આ ફરીયાદમાં આરોપ મુકાયો છે કે નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો છે. હાલ તપાસના નામે બધુ ડીંડક ચાલી રહ્યુ છે કેમ કે જે રીતે મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રો સહિત અન્ય કસુરવારો પણ જેલમાંથી છુટી ગયા છે. આ જોતા નલ સે જલ યોજના કૌભાંડમાં પણ કોઈને ઉની આંચ આવે તેમ લાગતુ નથી.

હકીકતમાં આ પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો રેલો અન્ય જિલ્લામાં પહોચી શકે તેમ છે.

# અંગત અદાવતમાં બે શખ્સે યુવકને પેટમાં ચાકુ હુલાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગોમતીપુરમા વૃદ્ધ પિતા સાથે રહેતા અને છૂટક મજૂરી કરતા યુવકના ઘરમાં ગત બુધવારની વહેલી સવારે ઘૂસી આવેલા બે યુવકે અંગત અદાવતમાં તેને પેટમાં છરી મારી ફરાર થઇ ગયા હતા. પાડોશીઓ ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલ લઇ ગયા હતા. પોલીસે બંને હુમલાખોરો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.ગોમતીપુરમાં ધુળાભાઈની ચાલીમાં રહેતા ૫૧ વર્ષીય ગોપાલભાઈ પટણી અને તેમનો દીકરો છૂટક મજૂરી કરે છે. થોડા દિવસથી ગોપાલભાઈ સિંગરવામાં બહેનના ઘરે ગયા હતા. તેમનો દીકરો રાહુલ ગોમતીપુરમાં ઘરે હતો. બુધવારે સવારે ગોપાલભાઈની બહેનના ઘરે હતા ત્યારે દીકરીનો ફોન આવ્યો કે આપણા ઘરમાં ઘૂસીને કોઈએ રાહુલને ચાકુના ઘા માર્યા છે. દીકરા પર હુમલો થયાની વાત સાંભળતા જ પિતા અને પુત્રી તાત્કાલિક ગોમતીપુર પહોંચ્યા ત્યારે પાડોશીઓ મારફતે જાણવા મળ્યું કે વહેલી સવારે ઘરમાં કોઈ આવ્યું હતું અને દીકરાના પેટમાં ચાકુ મારીને જતું રહ્યું છે અને અમે દીકરાનો સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. ઈજાગ્રસ્ત રાહુલના પિતા ગોપાલભાઈ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તે બેભાન હતો. પિતાએ ઘરે જઈને વધુ પૂછતા હકીકત જાણવા મળી કે બુધવારે વહેલી સવારે રાહુલને બાપુનગરના રામજીલાલના પીઠામાં રહેતા લવકુશ ઉર્ફે હનીસિંગ રાજપૂત અને રખિયાલ રાજીવનગરમાં રહેતા કેતન ઉર્ફે જયંતી પ્રવીણભાઈ પરમાર અંગત અદાવતમાં ચાકુ મારી ભાગી ગયા હતા.